**નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા**

**તા.03/0૧/૨૦૨૨ થી ૦૯/૦૨/૨૦૨૨**

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| ખેરગામ પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | ખેરગામ પાર્ટ. સી નં.૧૧૮૨૨૦૦૪૨૨૦૦૦૭ના કામે સફેદ કલરની ઇકો ગાડી નં.GJ15CD4059 માં વચ્ચેની સીટ પાસે અંદરના ભાગે ઇમ્પીરીયલ બ્લ્યુ વ્હીસકી ૭૫૦ મીલી વાળી બોટલ નંગ- ૪૬ તથા કિંગફીશર સ્ટ્રોગ પ્રિમીયમ ટીન બીયર નંગ- ૩૦ મળી કુલ્લે બાટલી નંગ-૭૬ જેની કિ.રૂ.૨૬,૦૦૦/-નો પ્રોહી મુદામાલ ઇકો ગાડીમા વહન કરી લઇ આવી જે ઇકો ગાડી નં. GJ15CD4059 ની કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા મો.ફોન નંગ-૩ કિ.રૂ.૫,૫૦૦/- મળી કુલ્લે રૂ.૩,૩૧,૫૦૦/-નો મુદ્દામાલ સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરેલ. |
| ગણદેવી પોલીસ સ્ટેશન પોલીસ અધિકારી/ કર્મચારી | ગણદેવી પો.સ્ટે પાર્ટ-સી FIR નં. ૧૧૮૨૨૦૧૨૨૨૦૦૨૮પ્રોહી એક્ટ કલમ ૬૫-એઇ, ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના સફેદ રંગની મારૂતી સુઝુકી કંપનીની રીટસ કાર નંબર GJ05JA6217માં ભરી લાવી પોતાના ઘરે છુટક વેચાણ સારૂ લઇ જતા ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બાટલીઓ નંગ ૧૦૮ કિ.રૂ.૭૯,૨૦૦/- તથા મારૂતી સુઝુકી કંપનીની રીટસ કાર નંબર GJ05JA6217 કિ.રૂ.૧,૫૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૧ કિ.રૂ.૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૨,૨૯,૫૦૦/-ના મુદ્દામાલ સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરેલ. |
| ખેરગામ પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | ખેરગામ પોલીસ સ્ટેશન પાર્ટ.બીગું.ર નં.૧૧૮૨૨૦૦૪૨૨૦૦૦૩ના  જુગારધારા કલમ ૧૨(અ) મુજબ  મોજે- ખેરગામ પટેલ ફળીયા મુકેશભાઇ ઉમેદભાઇ રાઠોડના ઘરની સામે આવેલ આંબાના ઝાડની નીચે જાહેરમાં તા.ખેરગામ આરોપી નં- (૧) સેફુદ્દીન ઇબ્રાહીમભાઇ રોશનઅલી વ્હોરા (૨) બદરૂદીન અબીદભાઇ વ્હોરા (૩) માધુભાઇ રવલાભાઇ વાઘિયા  (૪) કિશોરભાઇ દયાળજીભાઇ હળપતિ તથા વોન્ટેડ રમાડનાર આરોપી- અકરમ આમીદ શેખ એકબીજાની મદદગારીથી વરલી મટકાના ટાઇમ ક્લોઝ તથા શ્રીદેવી બજારના આંક ફરકના આંકડાઓ ઉપર પૈસા વળે લગાઇ લઇ લગાડી હારજીતનો જુગાર પોતાના અંગત ફાયદા સારૂ આરોપી નં-(૧) નોઓ વરલી મટકાના ટાઇમ કલોઝ બજારના આંક ફરકના આંકડાઓ ઉપર પૈસા વળે લગાઇ લઇ લગાડી હારજીતનો જુગાર રમી રમાડી જુગાર રમતા કુલ્લે રોકડા રૂપીયા ૧,૬૧૦/- તથા વરલી મટકાના ટાઇમ ઓપન બજારના આંક ફરકના આંકડાઓ લખેલ કાપલીઓ કુલ્લે નંગ-૦૮ કિ.રૂા ૦૦/- તથા બોલપેન નંગ-૦૧ કિ.રૂા-૦૦/- ગણી કુલ્લે કિ.રૂા ૧,૬૧૦/-નો મુદ્દામાલ સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરેલ. |

<table>
<tr><td></td><td></td></tr>
<tr><td>ખેરગામ પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ</td><td>ખેરગામ પોલીસ સ્ટેશન પાર્ટ-સી ૧૧૮૨૨૦૦૯૨૨૦૦૦૬ પ્રોહી એકટ કલમ ૬૫એઈ, ૮૧, ૧૧૬(૨), ૯૮(૨) મુજબ અશોક લેલેન્ડ ટેમ્પો નંબર- GJ 26 T 7238 અશોક લેલેન્ડ ટેમ્પોમાં પ્લાસ્ટીકના મીણીયા કોથળીઓમાં ઘંઉનું ભુસુની આડમાં એકબીજાની મદદગારીથી ઇગ્લીશદારૂનો જથ્થો ભરી આપી પોલીસ નાકાબંદી દરમ્યાન (૧) ૨૦ પુઠાના બોક્ષમાં તથા છુટી ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કીની નાની-મોટી બોટલીઓ મળી કુલ-૧૦૬૮ નંગ કિ.રૂ.૧,૯૨,૦૦૦/- તથા (૨) અશોક લેલેન્ડ ટેમ્પો નંબર- GJ26T7238 કિ.રૂ.૪,૦૦,૦૦૦/- તથા (૩) એક મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦/- તથા (૪) રોકડા રૂપિયા ૬૨૦/- તથા (૫) પકડાયેલ ટેમ્પોની RC બુકની ઝેરોક્ષ નકલ કિ.રૂ.૦૦/- તથા (૫) પકડાયેલ આરોપીનું ડ્રાઇવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ કિ.રૂ.૦૦/- મળી કુલ રૂ. ૫,૯૩,૧૨૦/- મુદ્દામાલ સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરેલ.</td></tr>
<tr><td colspan="2">વાંસદા પોલીસ સ્ટેશન વિસ્તારના વેપારી મંડળ તથા શાકભાજીના વેપારીઓ સાથે વાંસદા પોલીસ સ્ટેશન ખાતે સરકારશ્રીની કોરોના ગાઇડલાઇનનું ચુસ્ત પાલન કરવા અને નાગરિકો પાસે કરાવવાના ભાગરૂપે મિટીંગનુ આયોજન કરી તકેદારી રાખવા અંગે સમજ કરવામાં આવેલ.</td></tr>
<tr><td colspan="2"> </td></tr>
<tr><td colspan="2">વાયબ્રન્ટ ગુજરાત સમિટ – ૨૦૨૨ ના કાર્યક્રમ દરમ્યાન VVIPશ્રીઓ તેમજ મહાનુભાવશ્રીઓ ગાંધીનગર ખાતે પધારનાર હોય તેઓની સુરક્ષાને ધ્યાને લઇ આકસ્મિક બનાવોને પ્હોચી વળવા માટે પોલીસ તથા અન્ય એજન્સીઓની સતર્કતા સારુ તા. ૦૫/૦૧/૨૦૨૨ ના રોજ બોરીયાચ ટોલનાકા ખાતે મોકડ્રીલનુ આયોજન કરેલ.</td></tr>
<tr><td colspan="2"> </td></tr>
</table>

તા. ૦૬/૦૧/૨૦૨૨ ના રોજ બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ તરફથી **women safety and security** નામની હેન્ડબુક પ્રસારીત કરવામા આવેલ છે. જે બાબતે ગણદેવી, બીલીમોરા, ચીખલી, ખેરગામ, વાંસદા અને મરીન પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી/ કર્મચારીઓને સદર બૂક બાબતે ચીખલી પોલીસ સ્ટેશન ખાતે ટ્રેનિંગ આપવામાં આવેલ.









**પ્રેસ નોટ તા.૫/૧/૨૦૨૨**

**ગેરકાયદેસર દેશી હાથ બનાવટની પિસ્તોલ સાથે એક ઈસમને ડીટેન કરતી નવસારી એસ.ઓ.જી.ટીમ**

નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા સાહેબ નાઓએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ -૨૦૨૨ અનુસંધાને અત્રેના નવસારી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ તે સારૂ ગેરકાયદેસર હથિયાર અંગેના કેસો શોધી કાઢવા અંગે સુચના આપેલ હોય પોલીસ ઇન્સ્પેકટર કે.જી.લીંબાચીયા એસ.ઓ.જી.નવસારી નાઓએ એસ.ઓ.જી.સ્ટાફના કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપેલ તે આધારે,

તા.૦૪/૦૧/૨૦૨૨ના રોજ અ.હે.કો મયુરભાઈ રઘુભાઈ, અ.હે.કો. ઋષિકુમાર કાંતીલાલ , અ.પો.કો.ભક્તેશભાઈ નિવૃતીભાઈ તથા અ.પો.કો કિરણકુમાર દિનેશભાઇ નાઓ નવસારી રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન અ.હે.કો મયુરભાઈ રઘુભાઈ, અ.હે.કો. ઋષિકુમાર કાંતીલાલ તથા અ.પો.કો.ભક્તેશભાઈ નિવૃતીભાઈ નાઓને મળેલ બાતમી હકિકત આધારે મોજે રંગૂન ગામના પાટીયા પાસે ને.હા.નં-૪૮ પલસાણાથી મુંબઈ તરફ જતા રોડ ઉપરથી પકડાયેલ આરોપી ગવરસિંહ ઉર્ફે રાજેશભાઈ માસ્તર ઉર્ફે ભાભરીયાભાઈ સસ્તીયા ઉ.વ.૨૭ રહે. ઉમરાલી ગામ તા.સોંધવા જી.અલીરાજપુર મધ્યપ્રદેશના કબજામાંથી (૧) દેશી હાથ બનાવટની પિસ્તોલ નંગ-૦૧, કિં.રૂ.૫,૦૦૦/- (૨) ત્રણ નંગ જીવતા કાર્તુસ કી.રૂ.૩૦૦/- (૩) કાળા કલરનો CELLECOR કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂપીયા ૫૦૦/- (૪) મરચાની ભુકી કી.રૂ.૦૦/- મળી કુલ કિ.રૂપીયા ૫૮૦૦/- નો મુદામાલ કોઇપણ પ્રકારના લાયસન્સ, આધાર કે પૂરાવા વગર મળી આવેલ હોય તેમજ સદર આરોપીને આ હથિયાર આપનાર મધ્યપ્રદેશના સેંધવા ગામ ખાતે રહેતા અજાણ્યા ઈસમને વોન્ટેડ જાહેર કરી પકડાયેલ આરોપીને COVID -19 મહામારી અંગે નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ પોલીસ નિગરાણીમાં રાખી કાર્યવાહી કરેલ છે. નવસારી રૂરલ પો.સ્ટે ખાતે આર્મ્સ એકટ મુજબનો ગુનો દાખલ કરાવેલ છે. જેની આગળની વધુ તપાસ PI SOG નાઓ કરી રહેલ છે.





## પ્રેસનોટ તા.૦૪/૦૫/૨૦૨૨

### ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી બોટલો મળી નંગ-૮૪ જેની કિ.રૂ.૬૦,૦૦૦/- ના પ્રોહી મુદ્દામાલ સાથે ચાર આરોપીઓને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી નવસારી

પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા સાહેબ નવસારી વિભાગ,નવસારી નાઓએ નવસારી જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા તથા પ્રોહી લીસ્ટેડ બુટલેગરો તથા પ્રોહી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો ઉપર વોચ રાખી, માહિતી મેળવી સફળ રેઇડો કરવા તથા શોધી કાઢવા માટે વી.એસ.પલાસ પોલીસ ઇન્સ્પેકટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે ગઇ કાલ તા.૦૩/૦૫/૨૦૨૨ ના રોજ વી.એસ.પલાસ પોલીસ ઇન્સ્પેકટર એલ.સી.બી. નવસારી નાઓ એલ.સી.બી.નવસારી ના સ્ટાફના પોલીસ માણસો સાથે નવસારી જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન HC વનીતભાઇ અશોકભાઇ તથા HC ગણેશભાઇ દિનુભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે મોજે ને.હા.નં.૪૮ દુવાડા પાટીયા પાસે મુંબઇ થી સુરત તરફ જતી ટ્રેક ઉપર તા.ગણદેવી, જિ.નવસારી ખાતેથી પકડાયેલ આરોપીઓ ટાટા ઇન્ટ્રા ટેમ્પો નંબર- GJ-15-AV-1006 માં પુઠાના બોક્ષમાં ભારતીય બનાવટની વિદેશીદારૂ વ્હીસ્કીની છુટી બોટલો નંગ- ૮૪ કિ.રૂ.૬૦,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ ભરી અશોક લેલેન્ડ ટેમ્પો નંબર-GJ 15 AV 4411 થી પાઇલોટીંગ કરી ગેરકાયદેસર વહન કરી લઇ જતા પકડી પાડી આરોપીઓ પાસેથી કબ્જે કરેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી લાવેલ છે અને કોને આપવાનો છે? તે બાબતે પુછપરછ કરતાં વોન્ટેડ આરોપી સુરેશભાઇ રહે. કડોદરા સુરત જેનું પુરૂ નામઠામ જણાયેલ નથી તેઓએ તેમના માણસ ગીરીશ જેનું પુરૂ નામઠામ જણાયેલ નથી તેઓ મારફતે આ ઇંગ્લીશદારૂનો જથ્થો ભરી આપેલ અને વોન્ટેડ આરોપી સુરેશભાઇ રહે. કડોદરા સુરત નાને કડોદરા ઓવરબ્રીજ નીચે પહોંચાડવા સારૂ જતા હોવાની હકીકત જણાવતા પકડાયેલ આરોપીઓ તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં ગણદેવી પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબીશનનો ગુનો રજીસ્ટર કરાવેલ છે.

**(૧) પકડાયેલ આરોપીનુ નામ:-**

(૧) મોહસીન કલ્લન ખાન ઉ.વ.૨૮ રહે. ડુંગરી ફળિયા, વાપી.તા.વાપી.જી.વલસાડ, મુળ રહે. જરારી ગામ.થાના કમાલગંજ.જી.ફરૂખાબાદ (યુ.પી.)

(૨) ફૈઝાનખાન જાબીન ખાન ઉ.વ.૨૨ રહે. ડુંગરી ફળિયા, વાપી.તા.વાપી.જી.વલસાડ, મુળ રહે. નગલાદાવ સરૈયા.થાના કમાલગંજ.જી.ફરૂખાબાદ (યુ.પી.)

(૩) જીગર પ્રવિણકુમાર ભાનુશાલી ઉ.વ. ૨૨ રહેવાસી એ/૨૫૮,કમલેશ એપાર્ટમેન્ટ, મોરારજી સર્કલ, તા. વાપી જી.વલસાડ.

(૪) ભાવેશ શંકરલાલ ભાનુશાલી ઉ.વ. ૪૯ રહે.એ/૨૫૮,કમલેશ એપાર્ટમેન્ટ, મોરારજી સર્કલ.તા. વાપી જી.વલસાડ.

**(૨) વોન્ટેડ આરોપીઓ પ્રોહી મુદ્દામાલ ભરાવનાર તથા મંગાવનાર:-**

(૧) સુરેશભાઇ રહે. કડોદરા સુરત જેનું પુરૂ નામઠામ જણાયેલ નથી.

(૨) સુરેશભાઇનો માણસ ગીરીશ જેનું પુરૂ નામઠામ જણાયેલ નથી તથા તપાસમાં નીકળે

**(૩) કબ્જે કરેલ મુદ્દામાલ:-**

(૧) પુઠાના બોક્ષમાં ભારતીય બનાવટની વિદેશીદારૂ વ્હીસ્કીની છુટી બોટલો નંગ- ૮૪ કિ. પ્રોહી મુદ્દામાલ (૨) પ્રોહી જથ્થો ભરેલ ટાટા ઇન્ટ્રા ટેમ્પો નંબર- GJ-15-AV-1006 કિ.રૂ. પાઇલોટીંગમાં ઉપયોગમાં લીધેલ અશોક લેલેન્ડ ટેમ્પો નંબર GJ 15 AV 4411 કિ.રૂ.૪,૦૦,૦૦૦ આરોપીઓની અંગઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ -૦૪ કિ.રૂ.૨૯,૦૦૦/- મળી ૯,૮૯,૦૦૦/- નો મુદ્દામાલ

**(૪) સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-**

PI વી.એસ.પલાસ, ASI કમલેશભાઇ રામભાઇ, ASI સુનિલસિંહ દિલીપસિંહ, HC વનીતભાઇ HC ગણેશભાઇ દિનુભાઇ, HC નિલેશભાઇ અશોકભાઇ, PC અનિલભાઇ રમેશભાઇ તમામ નવસારી નાઓ દ્વારા સારી કામગીરી કરેલ છે.



## પ્રેસનોટ તા.૦૫/૦૫/૨૦૨૨

### બીલીમોરા-આંતલીયા જી.આઇ.ડી.સી. વિસ્તારમાંથી બાયો ડીઝલનો જથ્થો ઝડપી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ નવસારી

કુલ-૩૮ પ્લાસ્ટીકની ટાંકીઓ તથા પ્લાસ્ટીકના બેરલોમાંથી **બાયો ડીઝલ કુલ-૨૫,૧૨૫/- લીટર કિ.રૂ. ૧૮,૮૪,૩૭૫/-** તથા બે વાહનો તથા બાયોડીઝલ સંગ્રહ તથા વેચાણ કરવાના સાધનો તથા મોબાઇલ ફોન તથા રોકડા રૂપિયા મળી **કુલ્લે રૂ. ૨૭,૪૭,૪૭૫/- નો મુદ્દામાલ** સાથે કુલ-૦૩ ઇસમો ઝડપાયા.

[illegible]

કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા ડીઝલ પંપ-૦૧ કિ.રૂ.૫૦,૦૦૦/- તથા ઇલેક્ટ્રીક મોટરો-૦૨ કિ.રૂ.૨૫,૦૦૦/- તથા બે પ્લાસ્ટીકની ડોલ તથા પ્લાસ્ટીકની નાની મોટી બે ગરણીઓ તથા એક પ્લાસ્ટીકનો પાઇપનો ટુકડો તેમજ એક લોખંડનું પાનુ જે તમામની કિ.રૂ.૦૦/- તથા ૨૩-પ્લાસ્ટીકના બેરલો તથા ૦૪- પતરાના બેરલો કિ.રૂ.૫૪૦૦/- તથા ૧૫૩ જેટલા પ્લાસ્ટીકના કાર્ટુનોમાં પ્લાસ્ટીકની નાની મોટી બોટલો તેમજ કેનો ભરેલ છે. કિ.રૂ.૦૦/- તથા અતુલ શક્તિ થ્રી વ્હીલર ટેમ્પો નંબર- GJ 21 V 0985 કિ.રૂ.૧,૦૦,૦૦૦/- તથા એક ડાલામાં સાથેનો જનરેટર બેટરી સાથેનો કિ.રૂ.૧૦,૦૦૦/- તથા ૦૯- બેરલોમાં ભરેલ ૧,૯૩૫ લીટર જી.પી.થીનર જેની કિ.રૂ. રૂ.૧,૧૬,૧૦૦/- તથા ઝડપાયેલ ઇસમોની અંગ ઝડતીના મોબાઇલ ફોન નંગ-૦૩ કિ.રૂ.૨૫,૦૦૦/- તથા બાયો ડીઝલ વેચાણના રોકડા રૂ.૩૧,૬૦૦/- મળી **કુલ્લે રૂ. ૨૭,૪૭,૪૭૫/- ના મુદ્દામાલ** સાથે (૧) પારશરામ ઉદિલાલ કુંભાર, ઉ.વ-૫૩, રહેવાસી- ઘોડ ફળીયાં, નારાયણ પાર્ક, સમરોલી, તા.ચીખલી, જિ.નવસારી, (૨) બોલેરો પીકઅપ નંબર- DN 09 R 9345 નો ડ્રાઇવર મથુરભાઇ ભીખુભાઇ હક્કર, ઉ.વ-૩૧, રહેવાસી- સેલવાસ, સામરવાડી, બજરંગ એપાર્ટમેન્ટ રૂમ નંબર-૧૦૩ સેલવાસ તથા (૩) પકડાયેલ પારશરામ ઉદિલાલ કુંભારને ત્યાં મજુરી કામ કરતા મલય રાજેશભાઇ પટેલ, ઉ.વ-૨૩, ધંધો-મજુરી, રહેવાસી- ઘોડ ફળીયાં, સમરોલી, તા.ચીખલી, જિ.નવસારી નાઓને પકડી પાડે મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં બીલીમોરા પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી એલ.સી.બી. નવસારી દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

**રેડીંગ પાર્ટીના અધિકારી/કર્મચારી:-**

PI વી.એસ.પલાસ, PSI એ.આર.સુર્યવંશી, PSI એસ.ટી.પારગી, ASI નવીનભાઇ ચીમનભાઇ, HC વનીતભાઇ અશોકભાઇ, HC ગણેશભાઇ દિનુભાઇ તમામ એલ.સી.બી. નવસારી

તેમજ જે.એન.ચૌધરી મામલતદાર ગણદેવી તથા અશોકભાઇ ડી આહીર નાયબ મામલતદાર પુરવઠા વિભાગ,ગણદેવી તથા તેઓની ટીમ દ્વારા સારી કામગીરી કરવામાં આવેલ છે.



